
ભાવનગર નીતિભાનુદય સભા*



॥ नीतिरेव सद्धर्मः ॥

દોહરો.

નીતિ પંકજ ફૂલશે, ફળશે સુકૃત સર્વ,
નીતિ ભાનૂદયથકી, ટળશે અનીતિ ગર્વ.

विचारमाळा*

અંક ૩ જો. સંવત ૧૯૩૮ કિમ્મત અર્ધો આનો.

सत्य विषे.

ઇશ્વર સ્તુતિ.

श्लोक. उपाधिगम्योप्यनुपाधिगम्यः
समावलोक्योप्यसमावलोक्यः॥

*પ્રકટ કર્તા ભાવનગર નીતિભાનૂદય સભા આવૃતિ ૨ જી

भवोपियोभूद्भवःशिवोयं,
जगत्यपायादपिनःसपायात्॥१॥
दिक्कालाद्यविच्छिनान, न्तचिन्मात्रनमूर्तये।
स्वानुभूत्येकसाराय नमःशांतायतेजसे॥२॥

(અર્થ) શારદુળ વિક્રિડિત વૃત.

ઉપાધિં થકિ ગમ્યછે વળી કદી ઉપાધિ જેને નહીં,
જોવા લાયકછે વળી કદિ નહીં જોવાય જેરે અહીં;
માયા ગ્રાંહી જણાય જે વળિ નહી માયા મહી તે કદા;
તે શંભૂજગની સહુ વિપતિથી રક્ષે અમોને સદા. ૧
દીશા કાળથકી અવિચ્છીન પ્રભુ આદ્યંત જેને નહી,
ચીદાનંદ સદાય વ્યાપ્ત દિસતો જેને નહી મૂરતી;
સ્વાનૂભૂતિ સદૈવ એક ગણના જેની કરેછે વડી,
તે શંભૂ બ્રહ્મ તેજને પ્રિતિ ધરી વંદુ હું પાયે પડી. ૨

श्लोक.

यस्यवाङ्मनसीस्यातां सम्यक्यप्रणिहितेसदा।
तपस्त्यागश्चसत्यंच सर्वैपरमवाप्नुयात्॥ ॥३॥

(અર્થ તેજવૃતમાં)

જેનું મન તથા વાણી સારી પેઠે દ્યાનમાં
તપ ત્યાગ તથા સત્ય મળે તે એક બ્રહ્મમાં.

સુખ, જે આ સૃષ્ટીમાં અતીવ આકર્ષક તથા અતીવ મોહક વસ્તુ છે, જેને માટે મહાન વિચારકો પણ પોતાના વિચારમાં દિનનીશ નિમગ્ન રહીને પારંગત થતાં એક મત થતા નથી, તે વિશ્વાકર્ષક, નિષ્પ્રતિમ પણ અસાધ્ય વસ્તુને સાધ્ય કરવાને મહાન ત્રષીઓ મન, વચન, તપ, સત્ય તથા ત્યાગને દબાણમાં રાખવું એ શિવાય બીજુ કાંઈ પણ સાધન આપી શકતા નથી. અતીકષ્ટનો અંતરાય છતાં મનુષ્ય મોક્ષ માટે ફાંફાં મારેછે, તેનો પણ પરમ હેતુ સુખાસનપર વિરાજમાન થવાનો હોયછે. સર્વને પ્રાણી તરિકે આ ક્ષણ ભંગુર સંસારમાં કંઇને કંઇ દુઃખતો છેજ. સાન્ન દુઃખના સાનની ન્યુનતા તેજ સુખના આભાસને સત્ય સુખ તરીક સ્વિકારાયછે, કિંતુ જ્યારે પરીણામ અનુભવવામાં આવેછે ત્યારેજ તે સ્વઉત્કંડાથી શાશ્વત સુખ મેળવવાને પ્રયત્ન કરેછે, અને ગમે તેટલી પરાકાષ્ટા વેઠીને પણ પોતાનો હેતુ પરિપૂર્ણ કરવાની અભિલાષાથી પરમ શ્રમથી મથેછે. તેમ છતાં યોગીઓના યોગ, દાનેશ્વરોનાં દાન, તપસ્વીઓનાં તપ પણ સમયે સમયે વૃથા જવાની કથા યથાવૃત શ્રવણે શુણીએ છીએ. આટલું આટલું સહન કરેછે છતાં ઉત્તમ સુખ મનુષ્યથી કેમ પ્રાપ્ત થતું નથી! શું મનુષ્યને માટે સુખ સરજ્યુંજ નથી? ના; તેમ નથી. એવા વિરલ પુરૂષો નીકળી આવેછે કે જેઓએ મહા સાધનથી અસાધ્ય વસ્તુ-સુખ સાધ્ય કરેલ છે. પરંતુ તૃષ્ણા, લોભ, લાલચ, આદી મોહથી ભરેલી મા-

યામાં મનુંષ્ય ઐહિક પ્રાકૃતિક સુખપર મોહિત થઈ સ્વહેતુ ભુલી જઈ પોતાની દશ ઈંદ્રિઓ અને તેનું અધીશ મનને સ્વાધિનમાં નહીં રાખતાં આડે માર્ગે ખેંચાઈ જઈ દુઃખનાં ઉંડા ખાડામાં અથડાઈ પડે તેમાં શું આશ્ચર્ય? તે દશ ઇંદ્રી અને મન સ્વાધિનમાં નહીં રહેતાં વૈરી થઈ પડે છે અને તેમાંથી ઉત્પન્ન થતા દુર્ગુણો મનુંષ્યને આડે રસ્તે લઈ જાય છે, ભગવૃદ્ગીતામાં કહ્યું છે કે—

श्लोक.

काम एपक्रोधएष रजोगुणसमुद्भवः॥
माहाशनोमहापाप्मा विद्द्येनमिहैवारिणम्॥४॥

(ભાવાર્થ તોટકવૃતમાં)

કામએજક્રોધએજ રજોગુણેથએલજે,
મહાપાપતણુંવૃક્ષ મહા વૈરી પ્રમાણજે. ૪

કામ, તૃષ્ણા, લોભ, લાલચ એ સર્વ મનુષ્યનું મન ચલિત કરે છે, અને તેથી સર્વ ઈંદ્રિઓ સ્વાધીનમાં ન રહેતાં યથેષ્ટ વર્તિ સર્વ દુર્ગુણોને ઉત્પંન કરેછે; જેમાં અસત્ય વિના તે-નાથી એક ઘડી પણ રહી શકાતું નથી. અસત્ય સર્વ દુર્ગુણોનો મુખ્ખર અને સર્વ પાપ દુખનું મુળ છે.. તેથી સત્ય સુખ પ્રાપ્ત થતું નથી. કિંચિત લાભને માટે સત્યથી વિમુખ થતાં અતિ ગુહ્ય અને ગહન ગતિનું હાર્દન જાણવાથી પરિણામે

પાપનો પુંજ પ્રકટ કરી પશ્ચાતાપથી પ્રજ્વલિત થાયછે. દુ- ખના ડુંગરો, દુઃખના દરિયા અને દુઃખનો દાવાનળ તેની દૃષ્ટિ મર્યાદામાં માલમ પડેછે. તે વખતે રજો અથવા તમો ગુણથી ભરેલું તેનું મન સાત્વિક વૃત્તિ તરફ વળે છે; પણ તે વૃથા ! સત્વ, રજશ અને તમસ એ ત્રિપુટીના લાભા લા- ભનું ગ્નાન તેને હવે થવા માંડેછે. મનુષ્ય માત્ર આ ત્રિપુટીમાં લપટાઈ જાય છે અને તેના સપાટામાંથી કોઈ સમયે કોઈ માહાત્મા બચી પણ જાય છે તે માત્ર સત્વનેજ ધારણ કરે છે. કોઇમાં એ ત્રણે ગુણ સામટા દીઠામાં આવેછે, કોઇમાં બે, અને ઘણાજ થોડામાં માત્ર તેમાંનો એકજ ગુણ દીઠામાં આવે છે જે સમયે જેનું પ્રાધાન્ય હોય છે તે સમયે તે પો- તાનાં લક્ષણ આપોઆપ દર્શાવી આપેછે. એક પરબ્રહ્મપર આસ્થા રાખી સત્વનુજ ધ્યાન ધરનાર તો વિરલ હોયછે; પ- રંતુ થોડી ઘણી સાત્વિક વૃત્તિ મિશ્રિત અવસ્થામાં કંઈકંઈ દીઠામાં આવેછે. સમયે તેપણ વિકાર પામી રજોગુણના પ્રબળનેસ્વાધિનથાયછે. તોપણ જેઓમાં માત્ર તમો અથવા રજો ગુણછે તેઓને તો અતિ વેગથી દોડનારા મનને દબા- ણમાં રાખવું વિકટ થઇ પડેછે. અને તેથી કામ ક્રોધ આદી ષડરિથી જીતાઈ અતિ દુષ્કર્મો કરવા ફસાઈ જાયછે. દુષ્કર્મ- ની આગળ પાછળ તો અસત્ય અણબોલાવ્યું હાજરજ હોય છે; એટલે તેના આશ્રયથી મનુષ્ય પોતે દુષ્કર્મો સંતાડી રા- ખવા આકાંક્ષે છે, પરંતુ ઘણી વારે જય ન પામતાં ક્યારેક

ગુપ્તવાત પ્રસિદ્ધ થાયછે. અને વળી તૃષ્ણામાં અજબ ત-રેહનો સ્થીતિસ્થાપક ગુણ હોવાથી પ્રદિપ્ત થાયછે. અને તે પોતાની સત્તા એટલીબધી ચલવે છે કે મહાનપુરષોને મોહિત કરી અભિલાષા પરિપુર્ણ કરવા પ્રપંચ માટે ઉસ્કેરેછે, અને અસત્યના પંજામાં સપડાવેછે. તૃષ્ણા એક -હૃદયમાં બળતો અગ્ની છે અને જેમજેમ વખત જતો જાયછે તેમતેમ તેનું જોર વધતુ જાયછે. ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવા ગમે તેટલાં સંકષ્ટ સહન કરવાં પડતાં હોક તેછતાં તૃષ્ણાના પ્રાબલ્યથી તે સર્વ સંકષ્ટ તુચ્છવત લાગેછે. કહ્યુંછે કે " किंकिं नावि स्मरन्तिह माया मोहित -चेतसः " માયા મોહિત મનુષ્ય શુંશું ભુલ નથી કરતું? તે તૃષ્ણાને હઠાવવાનું સામર્થ્ય માયામાં મોહિત થઈ ગોથાં ખાનારમાં ક્યાંથી હોય! એવા પુરૂષોમાં સત્ય અને સંતોષનું અંતઃકરણને આહાલ્લાદીત કરનારૂં સુખ ક્યાંથીજ નિવાસ કરે!

અસત્યને ઉત્પન્ન કરનાર માત્ર ત્રણ વસ્તુ છે. તૃષ્ણા, ભય અને વિપત્તિ. પરંતુ આ ત્રણે વસ્તુ મનુષ્યની આખી જીંદ-ગીમાં સાથી તરીકે રેહેલછે. અને તેથી વિકારી મનુષ્ય અ-સત્ય આચરણ આચરવા આકર્ષાય છે. લક્ષ્મી અથવા કીર્તિના નાશના ભય સમયે કે સ્વમૃત્યુ અથવા સંબંધી કે સ્નેહીના મૃત્યુનાં ભય સમયે અથવા એવી બીજી કંઈ પણ હાનીના ભય વખતે મનુષ્ય ગમે તેવાં ખોટાં કામ કરવાની હિંમત ચલાવે છે. મહાન પુરૂષો પણ મહત્તા વિસરી જાય

છે; ડાહ્યા તે ગાંડા બને છે; અને ધીરજવાન એવા વીર પુરૂષો પણ બીકણ અને બાયલા થતા દીઠામાં આવે છે. દિર્ઘદ્દષ્ટિ અને વિચાર શક્તિ નાશ પામતાં પાસેની વસ્તુ ઝડપી લેવા મનને વાળે છે. પરંતુ જ્યારે આગળ ધસતાં અનેક પ્રકારની હાની સહન કરવી પડેછે. અને જ્યારે હાની ભોગવ્યા બાદ માથાપર રહેલા તેના ભય નાશ પામેછે, ત્યાંરેજ મનુષ્ય સચેત અવસ્થામાં આવી, કરેલા કર્મોનો પસ્તાવો કરતાં ભવિષ્યનાં દુઃખને માટે વિશેષ વિચાર કરેછે, અને ત્યારેજ જે ભય તે તરી ગએલ ગણે છે તે સાક્ષાત તેની ચક્ષુ આગળ પુનઃ ખડો થાય છે!

આ સમયે તેની સ્થીતિ દયામણી થઈ પડેછે અને તેજ વખતે સત્યથી વર્તવાના વિચારો તેને આભાશ આપેછે. પરંતુ પ્રથમથીજ દ્દઢતા અને નીડરતાથી ધીટબની તાત્કાલીક ફળની આશાવિના સત્યનું સેવન કર્યુંહોત તો જે અનિષ્ટ પરિણામ મર્ણ પછી પણ જોવામાં આવે છે તે પરિણામથી વિપરિત એટલે સુખ અને શાંતિ હર્ષિત મુખ મુદ્રાને તેજોમય કરત. જેનું અંતઃકરણ સત્ય સાફ અને નિર્મળ છે તેજ માત્ર સત્ય સ્વરૂપને જાણવાને પાત્ર થાય છે. કિંચિત પણ અસત્યનું મિશ્રણ પુષ્પપુંજમાં હિંગના કડકા બરોબર થઇ સત્ય સ્વરૂપનો આભાશ પણ ज्ञान ચક્ષુ પાસે ન લાવતાં કંઈક વિપરીત સ્વરૂપ દર્શાવે છે. વળી—आनंदं ब्रह्मणो विद्वान नबिभेति कदाचन॥ " બ્રહ્મનો આનંદ જાણનાર કદી પણ

ભય પામતો નથી.” તેજ મુજબ સત્ય સ્વરૂપ જેના અંત-રમાં ઉતરેલ છે તેવા પુરૂષો પાસે ભિતિ કેમ આવી શકે? જેમ તેલને પાણીનો સ્પર્શ થઇ શકતો નથી તેમ દુઃખ પણ તેવા પુરૂષને પોતાનું કાળું મુખ દેખાડી શકતું નથી; અને શાશ્વત સુખ સાથે તેનો આત્મા એકત્રતા પામે છે.

જ્યારે પ્રાકૃતિક સુખસંપતિના આનંદમાં નિમગ્ન રહી અંતઃકરણ પ્રફુલ્લિત થાયછે, ત્યારે તો મન અને સર્વે ઈંદ્રીયો સીધે રસ્તે ચાલી શકેછે. કિંતુ મનુષ્યની એક અવસ્થા ચિરંકાળ સુધી સ્થાઈ રહી શકતી નથી. સંપત્તિના હિંડોળાપરથી તે એકાએક વિપત્તિના ઊંડા સાગરમાં ફેંકાઇ જાયછે; લક્ષ્મીની હાની થાય કિંવા ભરણપોષણનાં પણ ફાંફાં મારવાં પડેછે. એવી અવસ્થામાં જ્યારે મનુષ્ય આવી પડેછે ત્યારે તેની ચંચળ વૃત્તિ નાશ પામી જડતાને પ્રાપ્ત થાય છે; અથવા તો—॥ विनाशकाळे विपरीत बुद्धिः॥ એ મુજબ પ્રથ-મથીજ તેની બુદ્ધિ ક્ષીણ અને ક્ષીણ થવા માંડે છે. વિ-પત્તિનું વારણ કરવા ગમેતેવાં અસત્ય આચરણ કરતાં તેનામાં અરેરાટ ઉત્પન્ન થતો નથી! જ્યારે ત્યારે અસ-ત્યવાણી તેની જીંન્હાપર સાક્ષાત દીઠામાં આવેછે. તેવે સમયે વિપત્તિથી વ્યાકુળ નહીં થતાં દુષ્ટ મનોવિકારની સામે થઈ ધૈર્યતાથી જ્ઞાની પુરૂષોએ વજ્ર-હૃદયથી સત્ય-ની સાથે ઉભા રહેવું જોઇએ, કેમકે—

श्लोक.

सएवधन्योविपदि यःस्वरूपंनमुचाति
त्यजत्यर्ककरैस्तप्तं हिमंदेहंनशीततां ॥५॥

(ભાવાર્થ તેજ વૃતમાં)

તેજ ધન્ય આપત્તે જે સ્વરૂપ નં છોડશે,
સૂર્યે તપ્ત બર્ફ દેહ—નહીં ઠંડી મૂકશે. ૫

યથાર્થ છે; મહાત્મા પુરૂષનાં તો એજ લક્ષણ છે. હરિશ્ચંદ્ર જેવા અયોધ્યાના મહારાજાએ ગમે તેટલું સંકષ્ટ સહન કરી કિંચિતપણ અસત્ય શબ્દ તેના મુખમાં આવવાજદીધો નહોતો. પોતાની પ્રાણપ્રિયા તથા પોતાના અત્યંત વહાલા પુત્રને દાસ દાસીતરિકે પોતાના હાથે વેચવાનો સમય આવ્યો, તેને પોતાનેજ અતિનીચ જાત ઢેઢ—જેનું કોઈ દિવસ તે નામપણ લેતો નહી તેને ત્યાં શેવક તરિકે રેહેવું પડ્યું, છતાં પોતાના વચનને અસત્ય કરવાનો વિચાર તેના મગજમાં પ્રવેશ કરી શક્યો નહોતો. દૂર શ્રવણ યંત્ર (Telephone)ની માફક વિશ્વામિત્ર ઋષિ તેની કસોટી કાઢવા દુરથી પુનઃસુખની લાલચ દર્શાવતા, પરંતુ ઐહિક પ્રાકૃતિક સુખની કંઈ પણ દરકાર રાખ્યાવિના એક અચલેશની મુજબ તે દૃઢ રહ્યા. અને તેથીઅંતે જયપામી સત્યની લીલા ભવિષ્યપ્રજાને દર્શાવિ આપવાને અતિશય માન પાત્ર થયા. એવિનાઅન્ય

સહસ્ત્ર રાજાઓએ પોતાના વચનનો ભંગ નહી થવા દેવા માટે પોતાનાં રાજ્ય ખોયાંછે, ધનની હાની સહન કરીછે, વીગેરે અનેક આપત્તિ માથે લીધીછે, જે મનુષ્ય વિપત્તિથી વ્યાકુળ થતો નથી, જે મનુષ્ય વિપત્તિને એક દુનિયાનો નિયમ ગણેછે, તે પુરૂષ અસત્ય આચરણ આચરવાને વિપત્તિમાં પણ આકર્ષાતો નથી. કેમકે તે યથાર્થ જાણેછે કે—

(शिखरिणी वृत)

क्वचिद्भूमौशायी क्वचिदपिचपर्यंगशयनः।
क्वचित्शाकाहारीक्वाचिदपिचशाल्यौदनरुचिः॥
क्वचित्कंथाधारीक्वचिदपिचादिव्याम्बरधरो।
मनस्वीकार्यार्थीनगणयतिदुःखंनचसुखं ॥७॥

(ભાવાર્થ તેજ વૃતમાં)

ક્વચિત્ ભૂમી શૈયા, ક્વચિત સુખિછાનું શયનરે;
ક્વચિત્ લૂખી ભાજી, ક્વચિત ઊંચ ચોખ્ખા જમણરે;
ક્વચિત્ કંથા હોયે, ક્વચિત અતિ સારાં વસનરે;
મનુષ્યે તે માટે ન સુખ દુઃખ કોદી ગણવુંરે. ૬

યથાર્થ છે; મહા પર્વત ઉગ્રપવન ચક્ર, વિદ્યુત કે વર્ષા કોઇના દરકાર ન કરતાં અચળ અને દૃઢ રહી તેવા પુરૂષોને શિક્ષા આપેછે કે વિપત્તિ સાગરમાં આત્મમહત્વ અને

સત્ય છોડીદઈ ચલિત અને અનિશ્ચિત થવા લલચાવુંનહી.

સત્ય માટે પ્રાણ જાય, સત્ય માટે ધન જાય,સત્ય માટે ધરાધાન્યનો નાશ થાય, સત્ય માટે પુત્ર, દારા, કે પરિવારની હાની થાય,સત્ય માટે જમીન ગ્રાસ કે ગામ જાય, સત્ય માટે આખી પૃથ્વિનું સત્યાનાશ વળી જાય, તોપણ અસત્ય ઉચ્ચાર કરી કદી પણ મહાન પરમેશ્વરની આજ્ઞાનું ઉલંઘન કરી તેની અવકૃપા શીરપર ખેંચી લેવી નહીં. સત્યથીજ આખી પૃથ્વિ ચાલેછે, સત્યથીજ તારાચંદ્ર તથા સૂર્ય પ્રકાશ આપે છે, સત્યથીજ વૃક્ષ, ફળ, ફુલાદી ઉત્પન્ન થાયછે; મતલબ કે સત્ય એજ આખી દુનિયાનું બંધારણ છે. સત્યના નાશ સાથે સૃષ્ટિમંડળનો અંત આવે તેમાં શું નવાઈ? ત્યારે આવી રીતે આ દુનિયાનું આદિ કારણ સત્ય તેને તજી અસત્યનો આશ્રય કરવો તેથી શું ફળ પ્રાપ્ત થાય છે? કંઇજ નહીં.

સ્વચક્ષુથી જોએલું, સ્વકર્ણથી શુણેલું અથવા સ્વાનુભવથી સિદ્ધ કરેલું તે નહીં કહેતાં તેથી વિરૂદ્ધ બોલવું અથવા પોતે પ્રથમ વચન આપેલું—પોતાની જીંહાગ્રેથી જે શબ્દો નિકળેલા તે મિથ્યા કરવાનો વિચાર લાવવો તે કેટલું અસ્વભાવિક, અમર્યાદિત અને અવિવેકથી ભરેલુંછે? અરે! જેને માટે અંતઃકરણ સાક્ષિ પુરેછે તે દબાવી દઈ અસત્યને ફાવી જવાદેવું તેના જેવું અન્યકુર કર્મ શુંછે? અર્જૂનજેવા બળવાન યોદ્ધાએ પોતાનું વચન પૂર્ણ કરવા દેશનિકાલ ભોગવી સત્યના મહિમામાં વૃદ્ધિ કરેલછે. પોતાના પિતાનાં

વચનનો ભંગ નથાય તેથી સદગુણ શિરોમણી રામચંદ્રજીએ ચૌદવર્ષનો વનવાસ ભોગવી સત્યના તેજને પ્રદિપ્ત કરતાં ભવિષ્યપ્રજામાં પોતાનું દ્રષ્ટાંત અને કીર્તિ અચળ કરીછે!રોમન બાદશાહીના એક પ્રમુખે સત્યને માટે પોતાના વહાલા પુત્રને ન્યાયાસનપર બેશી ન્યાય અને સત્યના નિયમો મજબુત સાચવી રાખવા દેહાંત દંડની શિક્ષા કરી સત્યનું જોમ રોમનોને દર્શાવી આપ્યુંછે. આહા! સત્ય માટે કેવું સહન કરવુંપડેછે! પૂર્ણ પવિત્ર નિવડવાને પૂર્ણ દુઃખ સહન કરવું પડે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. સ્વચ્છ સુવર્ણની કસોટી કાઢતાં તેને અગ્નિના ઝાળમાં તપવું પડેછે, ત્યારેજ તેની સ્વચ્છતા સિદ્ધ થાયછે; તેજ મુજબ જ્યારે સત્યવાન પુરૂષ અનેક દુઃખો સહન કરી, દ્રઢતા, અચળતા અને સ્થિરતા દર્શાવી આપે ત્યારેજ તેનામાં શાશ્વત પવિત્રપણું સિદ્ધ થાયછે, અને ત્યારેજ તે જીવતાં અને મરણ પછી"વાહ! વાહ!" શબ્દની જય વરમાળને વરેછે! તેની દ્રઢતા અસિમ તથા અનિર્વચનીય હોયછે.સોક્રેટીસ જેવા મહા વિદ્વાનપર યુનાન દેશના રાજ પૂરૂષોએ જુલમ કરી,ઝેરથકી મર્ણનીશિક્ષા કરવાછતાં તેણે એટલી શાંતિ,વિવેક તથા ડહાપણથી તે શિક્ષા માથે ઉઠાવી કે ન સીમા. જ્યારે એટલી બધી શાંતિ,એટલી બધી દ્રઢતા અને સ્થીરતા મનુષ્યમાં જોવામાં આવેછે ત્યારેજ તે વિપત્તિ અથવા ભયસાગરને તરિ જતાં સત્યને વળગી રહેવાને શક્તિમંત થાયછે. કહ્યુંછે કે—

मालिनी वृत.

उदयतियदिभानुः पश्चिमेदिग्विभागे,
विकसतियदिपद्मं पर्वतानांशिखाग्रे;
प्रचलतियदिमेरुः शीततांयातिवह्निः,
नचलतिखलुवाक्यं सज्जनानांकदाचित्. ७

(ભાવાર્થ તેજ વૃત્તમાં)

નિમ તજી રવિ ઉગે પશ્ચિમે કોય વેળા!
વિકસિત કદિ થાયે પદ્મ ગિરિ પરે આ!
પ્રચલિત થઈ મેરૂ અગ્નિ ઠંડિ શું પામે!
નહિ નહિ કદિ વાણી સજ્જનોનિ ફરેરે!

આહા! આવા દૃઢ અને સત્યવાન પુરૂષો કયાં જોવામાં આવેછે? હાલ કાળમાં સત્યતાનો કેટલો અંશછે, સત્યનું કેટલું જોરછે, સત્યનો કેટલો મહિમાછે અને સત્યનો કેટલો પ્રભાવછે તેતો સાક્ષીવિના અંતઃકરણમાં પ્રત્યાઘાત પડી આપોઆપ સિદ્ધ કરી આપેછે. જ્યારે પૃથ્વીપર સત્યનો અંશ નાશ પામી સર્વસ્થળે અસત્યનો પ્રસાર થયો ત્યારેજ વ્યાધિ, શોક, પરિતાપ અને નિધન એ સર્વે કમકમાટી ભરેલાં દુઃખો મનુષ્યપર શિક્ષા તરિકે પડવા લાગ્યાં; હડહડતો કલિયુગ—કલહ કરનારો યુગ—યુવાવસ્થાના જોરથી તોર લાવી મનુષ્ય માત્રને

આધિ,વ્યાધિ તથા ઉપાધિમાં હડશેલી મુકમા! પ્રમાણિકતા, નિષ્કપટતા અનેનિર્મળતા જડમૂળમાંથી ઉખડી જવા લાગ્યાં! અને શાંતિ,નિતિ તેમજ સત્યતાથી મળતા સુખનો અરૂણ પણ અસ્ત થયો! મદ, મત્સરનું જોર વધી પડ્યું,અને એક-જ જાતનાં પ્રાણીઓને પોતાનાંજ જેવા પ્રાણીઓ અતિશય ભયદ થવા લાગ્યાં! આવી મારામારીમાં ધર્મતો ઉભોજ કેમ રહી શકે? અરે! અસત્યે અને અધર્મે આપણા દેશનું સત્યા-નાશ વાળી નાંખ્યું. મહાન ઋષીઓનું મહા વાક્ય ॥ "ધર્મો રક્ષતિરક્ષિતઃ"॥"રક્ષાએલો ધર્મ રક્ષણ કરેછે"તે અંતરમાંથી ઉડી ગયું અને મર્યાદાથી વિરૂદ્ધ થઈ પરંપરા અનેક સંકષ્ટો વોહોરી લીધ્નાં.ક્ષણભર વિચાર કરો! અસત્યનું કેટલું ફાવ્યું છે? શું અસત્યથી થોડાં દુઃખ સહન કરવાં પડેછે?અને વળી પરિણામ પણ શું નિવડેછે? કદાપિ આ ક્ષણિક ફાની દુનિયા-માં અસત્ય ફાવિ જાય તેથી શું થયું? શું મરણ પછી તેનો શાસન કરનાર કોઈ પણ જગતનિયંતા નથી? શું આવડું મો-ટું જગત ધણી ધોરી વીનાનું છે? રસ્તામાં ઠામ ઠામ ભટકી અન્નવિના ભુખે ટળવળતા,દુખથી રૂદન કરતા,રૂતુ રૂતુની સત્તાધથી રક્ષિત થવા વસ્ત્ર વિના શોકદેવની કરી કરૂણા ઉ-પજાવતા લાખો ભિક્ષુકોપર ફેરવો તમારી નજર અને કરો તેપર વિચાર! શું તેઓ આગલા ભવની શિક્ષા ભોગવતા ન-થી?અધર્મ અને અસત્યથી તેજ જન્મમાં અથવા પુનરજન્મ માં પોતે અથવા પોતાના વંશજો દુઃખ ભોગવ્યાવિના રેહેતા

નથી તેજ એક સત્યસ્વરૂપના સત્યન્યાયની સત્યસાક્ષિ અક્ષરશઃ સિદ્ધ કરેછે. !

આર્ય બંધુઓ ! હું આટલેથી અટકી આપને એકવાર નમનતાઇથી વિનતિ કરૂંછુંકે—આ આપણા આર્યદેશની ઉન્નતી માટે સાવધ થઈ યોગ્ય શસ્ત્રાસ્ત્ર ધારણ કરી સત્ય જે ધર્મનું મુખ્યછે તેની કૃપા પ્રસાદી મેળવતાં, પરંપરાના વિજય માટે, ગએલી કીર્તિ પાછી સંપાદન કરવા, ભવિષ્ય પ્રજાના સુખમાં વૃદ્ધિ કરવા અને કંઈ નહિતો આપણા પોતાનાજ કલ્યાણ માટે તે પરબ્રહ્મ પરમેશ્વર સત્યસ્વરૂપને રંજન કરવા હવે જાગૃત થાઓ ! અને જેજે અપૂર્ણતાજેજે ન્યૂનતા આપણા દીઠામાં આવેછે, તેતે સર્વ પૂર્ણ કરી આપણા મહાન રૂષિયોના વચનામૃતને માન આપવા ભાન લાવી, ફરી આપણા દેશની દરિદ્ર અવસ્થાપર વિચારકરી ધર્મનો-સત્યનો જય પ્રવરતાવો; તોજ તમે ગએલી કીર્તિપુનઃસંપાદન કરી શકશો, તોજ તમે આત્મકલ્યાણનો માર્ગ મેળવી શકશો, અને તેથીજ આ દેશ અભ્યુદયની ટોચપર આવી શકશે, અને તમે પોતે અંતઃકરણમાં સત્ય હોવાથીસચ્ચિદાનંદસત્યસ્વરૂપમાં મિશ્રિતથઈ અતીવ સુખમાંઅતીવતેજમાં નીમગ્ન થશો. કેમકે સત્ય એ સર્વ ધર્મનું તત્વછે, મુક્તિનો માર્ગછે અને ખરા સુખનું સાધનછે. આ મનુષ્યદેહ ફરી ફરી મળવાનો નથી; અને આ દેહથી જેજે કંઈ ઇચ્છશો તે કરી શકશો. જો આ તક ચુક્યાતો એવો કોઈ પણ

સમય નથી આવવાનો કે જેમાં તમે શાશ્વત સુખ મેળવવાની આશા રાખી શકો. માટે જરાપણ ઢીલ શિવાય આત્મકલ્યાણ તરફ તમે તમારૂં મન લગાડો. કેમકે—

श्लोक.

प्राप्यचाप्युत्तमंजन्म लब्ध्वाचेंद्रियसौष्ठवम्।
नवेत्यात्महितंयस्तु सभवेदात्मघातकः ॥८॥

(ભાવાર્થ તેજ વૃતમાં)

મેળવીને ઊંચો જન્મ, તથા સુંદર ઇંદ્રિયો;
નજાણે જે સ્વકલ્યાણ, થાયે તે આત્મ ઘાતિયો. ૮

માટે આત્મઘાતકનો દોશ શીશપર નહીં ખેંચી લઈ ઉપરનો શ્લોક અંતરમાં કોતરી રાખી કલ્યાણ અને પૂર્ણ સુખનો સત્ય માર્ગ સત્યથી શોધવા ચીત ચોટાડો! તથાસ્તુ!!

ઉપજાતિ વૃત.

વિવેક વિચાર વિષે વસીને, આનંદ ઉમંગ મહીંધસીને;
અયોગ્ય તૃષ્ણા તજી જેહ ચાલે, અસત્ય આદી અવગુણખાલે. ૯
મિથ્યા નહીં માનવદેહ માનો, સર્વે રચ્યું તે ઉપયોગી જાણો;
અસાર સંસાર સસાર ધારી, કર્વા સુકર્મો કુમતિ વિસારી. ૧૦
લીલા પ્રભુની નિરખી સદાય, નીમો નિહાળી મન ખુશ થાય;
રાત્રે પ્રકાશે અગણીત તારા, હીરા સમાનીશ દીપાવનારા. ૧૧
ભાનુ અને ચંદ્ર કૃતિ ગતિમાં, કદિ ન થાયે મીનમેખ તેમાં;

એ સર્વ છે સત્ય તણો પ્રતાપ, કાપે સદા આપ અમાપ તાપ. ૧૨
સત્યે તપે ભાનું પ્રકાશવાન, સત્યે રહે પૃથ્વિ સદા સમાન;
દુઃખો સહે મ્હાજન સત્ય માટે, પ્રાણાન્ત થાયે કદિ સત્ય સાટે! ૧૩
વિપત્તિમાં દૃઢ રહે સદૈવ, અસત્યથી દૂર રહે તથૈવ;
તેને મળે સુખ તણો નિવાસ, તેને રહે મુક્તિ તણી સુઆશ. ૧૪
અસત્યથી કાર્ય કનિષ્ટ લીધાં, અસત્યથી પાપ અમાપ કીધાં;
અસત્યથી સત્ય ન ઈશ જાણ્યો, અસત્યથી ધર્મ ન સુ પ્રમાણ્યો. ૧૫
સુધર્મ નાશે પડતિ ગ્રહીને, દુઃખો સદા સત્યવિના સહીને;
નીતિન પ્રીતિ ધરી આપ જાણી, તેથી બની સર્વ નિખર્વ હાણી. ૧૬
સત્તા ગુમાવી જર જોર ખોઈ, બેઠા બધા ચક્ષુ સ્વચોળી રોઈ;
જુલુમના માર અપાર ખાઈ, ત્વચાબની બ્હેર બન્યાજ બાઈ. ૧૭
વિવેક વિદ્યા વળતિ વિસારી, દુર્ગુણ દુર્ગંધ તથા પ્રસારી;
બેહાલ થઈ રંક બન્યા ધનીકો, લક્ષ્મી સિધાવી નહીં કાંઈ નીકો. ૧૮
એ સર્વ અંતે વિચરી વિવેકી, લક્ષે લહો આપ સદાય ટેકી;
સુધર્મ સદ્ગુણ સુનીતિ સાથ, ભાવે ધરો ઉત્તમનીજ હાથ. ૧૯
હે ઈશ, આકાળ કૃપાળ થૈને, ગુના' અમારા સહુ વિસરીને;
દેશીબધાને સુવિચાર સત્ય, આપો સદા અર્જ ખરી અગત્ય. ૨૦

શિખરિણિ વૃત્ત.

કૃપાળુ તું ત્રાતા, સહુ જગનિયંતા દુઃખ હર;
અમી દૃષ્ટિ જેની, ક્ષણમહિ બનેછે સુખ કર;
કૃપા જેનીથી આ, જગતની જણાઓ જય ર–

વિનંતિ.

સજ્જનો ! આ વિચારમાળા આપ સર્વની વારંવાર યથા શક્તિ સેવા બજાવે છે, જેથી કરી તેના ગુણ દોષ સર્વના લક્ષમાં આવ્યાજ હશે. જાયુ ગ્રાહક તેમજ સભાની સવધડ માટે એવું ઠરાવવામાં આવ્યુંછે કે—આ વિચારમાળા વર્ષમાં ચારવખત નિકળે;તેમાં દરેક ફેરા એક ફારમથી ઓછું અને ત્રણ ફારમથી વધારે કાઢવામાં આવશે નહીં.માટે જે ગ્રહસ્થો દેશહિતકાર્યમાં ભાગ લેવાને ઉત્કંઠિત હોય તેઓએ જેટલા રૂપીયાની આખા વર્ષમાં ચોપડીઓ લેવી હોય તે મુજબ પ્રથમથીજ ગ્રાહક માફક થઈ સભાના મંત્રિપર લખી મોકલશે તો આખા વર્ષમાં તફોતક તેના માગવા મુજબ હિસાબ પ્રમાણે ચોપડીઓ મોકલવામાં આવશે. ઓછામાં ઓછા અરધા રૂપીઆ સુધીનાને ગ્રાહક તરીકે ગણવામાં આવશે. ટપાલ ખરચ જુદું પડશે.

સર્વ દેશહિતેચ્છુ પુરૂષોએ કંઈ ન બને તો સભાને મદદ અર્થે ગ્રાહક થવા કૃપા કરવી ઉચિત છે, જેથી સભા તેઓનો ઉપકાર કદી વિસરશે નહીં.

સુચના.

જે સજ્જનોને આ ચોપડી જોઇતી હોય તેઓએ નિચે લખેલે ઠેકાણેથી રોકડી કિમતે મગાવી લેવી. ટપાલખર્ચ અડધો આનો વિષેશ મોકલવો.

ભાવનગર—ભાવનગર નીતિભાનૂદય સભાના મંત્રી.

" શેઠ ત્રિકમલાલ ઓધવજી.ઠે.રાંધણપરી બજાર.

અમદાવાદ—યુનાઇટેડ પ્રીંટીંગ પ્રેસ.

સુરત—શાહ કીકાભાઈ પ્રભુદાસ, ગુજરાતમિત્રના અધિપતિ સાહેબ.

"હિતોપદેશક રત્ન"એ નામના માસીક પત્રના ગ્રાહક થવાની મરજી હોય તેઓએ પણ નિચે સહી કરનારને લખી મોકલવું.લવાજમનાં નાંણાં પણ તેની ઉપર મોકલ્યાથી તેના અધિપતિને પહોંચશે.કિંમત વર્ષએકના આઠ આના અગાઉથી,દેશાવરના ગ્રાહકોને ટપાલખર્ચ છઆના વિશેષ પડશે

કલ્યાણરાય વિ. આનંદરાય ઓઝા.

ભા. ની. ભા. સભાના મંત્રી

અમદાવાદ યુ૦પ્રી૦કું૦ પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપી